ગુજરાત આનામાળા સીરીઝ ૧ લી.

चित्रकोटके घाट पर भई संतनकी भीर;
तूलसीदास चंदन घसे तिलक करे रघुवीर,

— મહાત્મા —

તુલસીદાસજીનું જીવનચરિત્ર.

પ્રયોજક અને પ્રકાશક,
શેઠ અંબાલાલ છગનલાલ.
શીકા, (સ્ટેટ ઈડર—મહીકાંઠા.)

સંસારદર્શક, વિનોદિની, કમલીની, રાણી દુર્ગાવતી, સવિતા, સુશીલા, વિગેરેના કર્ત્તા અને કેટલાક માસીકોના લેખક.

આવૃત્તિ બીજી. | પ્રત ૧૦૦૦, | વિક્રમાબ્દ ૧૯૭૫

(પુનર્મુદ્રણ સ્વાધીન) ખ્રિસ્તાબ્દ ૧૯૧૯

કીંમત } ગ્રાહકો માટે એક આનો
છુટક નકલ દોઢ આનો.

વિનંતિ પત્ર.

ગ્રાહકોને સાચી વાત જણાવવી એમાં કોઈ વાતનો પ્રતિબંધ થી. આ આનામાળા સીરીઝમાં મુખ્ય બે ઉદ્દેશો સમાયલા છે. એક તો લેખકનું નિર્વાહ સાધન, બીજું જનસમાજના વર્તનમાં કંઈક સદ્‌ભાવ ઉત્પન્ન કરવો.

સુજ્ઞ વાંચકો, હું લેખક પોતે બ્હેરો છું તે આપ સર્વને વિદિત છે તેમજ ગુર્જર ભૂમિમાં બ્હેરા લેખકોનો મુખ્ય આધાર ઉદાર ગૃહસ્થો અને ઉત્સાહી ગ્રાહક બંધુઓ ઉપરજ છે, મારા જેવા બ્હેરા લેખકને અન્ય ગ્રાહકો વધારી આપવા મદદ કરવી તે આપ સુજ્ઞની ફરજ જ છે.

નિ. વાંચન અને તે કેવું હોવું જોઈએ, એ દરેક બંધુઓનું અજ્ઞાત નહિ હોય. છતાં આ, આનામાળા સીરીઝ સારા લેખો ઉપરથી અનુવાદ કરી, જાતે લખી, છપાવી અને જાતેજ વેંચુ છું તેમજ આ વાર્તાઓ કેટલાંક પુસ્તકોના વાંચનની યાદગીરીમાંથી લખવામાં આવી છે. તો તેના મૂળ લેખકોનો આભાર માનું છું.

દરેક વાંચક બંધુઓએ અન્ય ગ્રાહકો વધારી આપવા કૃપા કરવી મારા બ્હેરા થયા બાદ મારા હિતચિંતકો ... પ્રેમ જીજ્ઞાસા દૃષ્ટિગત છે તે સદાને માટે ... સુજ્ઞ બંધુઓ આપ ગ્રાહક થઈ અન્ય ગ્રાહકો વધારી આપવા મહેરબાની કરશો.

વસંત પંચમી.
વડાગામ (મહિકાંઠા)

આપનો સ્નેહાધીન,
ગો. અંબાલાલ છગનલાલ.
શીકા (સ્ટેટ ઇડર—મહિકાંઠા.)

શ્રી રામચંદ્રજીના પરમભક્ત

તુલસીદાસજીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર.

તુલસીદાસજીનું નિવાસસ્થાન બાંદા જીલ્લાના રાજાપુર ગામમાં હતું. તેઓના પિતા ત્યાંના તહેસીલદારીના કામપર નોકરીએ હતા. અને તેઓની માતાનું નામ તુલસી હતું. દુર્દૈવવશાત્ તુલસીદાસના પિતા એઓને સાત આઠ વર્ષના બાળક મૂકી પરલોકવાસી થયા હતા. એકનો એક પુત્ર અને લાડકવાયો, હોવાથી ૧૫-૧૬ વર્ષની અવસ્થાતક નિરક્ષર હતો. તદનંતર એક શ્રેષ્ટ કુળની કન્યા સાથે, એઓનો વિવાહ થયો હતો. સ્ત્રિ, પરમસ્વરૂપવંતી હોવાથી તુલસીદાસનું ધ્યાન રાત દિન સ્ત્રિમાંજ લાગી રહ્યું હતું. આઠે પ્રહર એ એની પાસેથી બહાર પણ નિકળતો નહિ હતો. પિતાનું એટલું કર્યું ધન ખર્ચાઇ ગયું. "રોજ થોડો ખુલ્લો મૂકેલો જળનો હોજ કયાં સુધી ભરાઇ રહે છે?" તુલસીદાસજીના એવી રીતે સ્ત્રિમાં આશક્ત રહેવાના કારણથી તેની માતાને ઘણી ખેદ થયો અને પુત્રને વ્યાપાર, ધંધા, નોકરી ચાકરી કરવાને બહુ બહુ સમજાવ્યો પરંતુ તુલસીદાસના ધ્યાનમાં કંઇ પણ વાત આવી નહિ અને ઉલટો ઉત્તર આપ્યો જે, માતા? તુંજ અમારા બન્નેનું પાલન કર. એવો ઉત્તર સાંભળી, માતા મનમાં બહુજ દુઃખી થઇ, મૌન્ય મૌન્ય બેસી રહી પાંચ ૭ વર્ષ એવી રીતે વીતી

ગયાં, એટચે વહુને તેડવાને તેના પિયરનાં માણસો આવ્યાં, એઓનું તુલસીદાસજીએ અપમાન કરી સ્પષ્ટ કહી દીધું જે અમો અમારી સ્રિને નહિ મોકલીએ. એ પછી માતાજીએ ખાનગીમાં માણસોને કહ્યું જે તુલસીદાસ પ્રાતઃકાળના સમયે એક કલાક સુધી સ્નાન આદીક નિત્ય ક્રીયા કરવાને જમનાજીના ઘાટ ઉપર જાય છે એ વખતે તમો ડોલી લઇને આવજો; હું વહુને વિદાય કરી આપીશ. બીજે દિવસે તુલસીદાસ સ્નાન આદિક કરવાને જમનાજી ઉપર ચાલ્યો ગયો તે વખતે ત્હેની માતાએ તુલસીદાસની વહુને તેના પિયર વિદાય કરી દીધી.

અહીં તુલસીદાસ સ્નાન આદિક કાર્યથી પરવારી ખભા ઉપર ધોયલી ધોતી, હાથમાં જળની ઝારી અને એક પિતામ્બર પહેર્યું હતું. ઘેર આવ્યો. પહેલાં તો તેણે ઘરમાં સર્વત્ર જોયું. પરંતુ જ્યારે સ્રિ ઘરમાં ન જોઇ ત્યારે માતાને પૂછ્યું—"મા ! એ ક્યાં ગઇ ? માતાએ એને પિયર મોકલવાનો વૃતાંત કહી સંભળાવ્યો. એ વાત સાંભળતાંજ એકદમ નંગ ધડંગ ખભા ઉપર ધોયલી ધોતી નાખી, હાથમાં જળની ઝારી લઇ શ્વાસભેર ઘરમાંથી નિકળી ગયો. એને એ વાતનું કંઇ ધ્યાન નહિ હતું કે હું નવસ્રો (નાગો) કઇ દિશામાં જાઉ છું. અને સપાટાબંધ પોતાના સસરાના ઘર તરફ ચાલી નીકળ્યો. તેને પ્રેમરૂપી રસીએ એવો જક્કડ બાંધી દીધો હતો કે કાંઇ પણ તેને સુજ પડતી નહોતી. પરંતુ એના નિષ્કપટ પ્રેમને જોઇ પરમ દયાળુ ભક્તવત્સલ, શ્યામ સુંદર પરમાત્માએ દયાળુ અંતઃકરણમાં વિચાર કર્યો કે એનો એવા નિષ્કપટ પ્રેમ હમણાજ જો મ્હારા ઉપર થઇ જાય, તો એનો કેટલો ઉપકાર થઇ જાય ? ઠીક

તો એના એવા પ્રેમને હમણાંજ હું મ્હારી તરફ ખેંચી અનુગ્રહ કરૂં છું. અહીં તો ભગવાનનો એવો સંકલ્પ થયો. ત્યાં તુલસીદાસજી સસરાને ઘેર પહોંચ્યા કે સાસુ વિગેરે જમાઇની એવી દશા જોઇ વિચાર કર્યો જે અહીં જો એવા નાગા દોડી આવ્યા તો એની માતા તો વૃદ્ધ હતી. કંઇ પરલોક તો પહોંચી નહોતી ગઇ? એવાં કારણથી લોકરીત અનુસારે સર્વે પોતાના નેત્રમાં આંસુ લાવ્યાં એટલે તુલસીદાસે કહ્યું જે.

મ્હારી પ્રિય સ્ત્રિને તો કંઈ અશુભ થયું નથીને? અને એમ જોઇ તુલસીદાસની આંખોમાં પણ અશ્રુધારા વહેવા લાગી. એવા પ્રકારે તુલસીદાસનું એકાએક રૂદન સાંભળીને દાસીએ તેની સ્ત્રિને ખબર કરી દીધી; તે તો વળી પતિને આ વિઘ્નકારક અને અતિ રૂપ આસક્તિ પોતાનામાં છે એવું જાણતી પણ હતીજ. એટલે એ વાતને છુપી રાખવાને પોંતાનાં માત પિતાને કહેવા લાગી.

માતા પિતા? મ્હારા પતિને કોઇ કોઇ વખત એવો ઉન્માદ થઇ જાય છે. ત્યારે એવા નાગા રૂપમાં ફરતા રહે છે. હમણા એ વાતમાં દુઃખી થવાનું કાંઇ પણ કારણ નથી. આ વાત સાંભળી સસરાએ જમાઇને વસ્ત્ર આદીક આપી ઘરમાં સ્ત્રિ પાસે જવાની આજ્ઞા કરી દીધી. તુલસીદાસજીનો ઘરમાં પગ હતો એટલામાજ ભગવાનની કરૂણારૂપ એ સ્ત્રિએ એ વખતે નિષેધ કરતાં સમજાવ્યો કે રે સ્વામિન્ આપ મારા લીધે એટલું કષ્ટ સહન કરી લોકલજ્જા તથા પ્રતિષ્ઠાનો ત્યાગ કરી આવ્યા છો. પરંતુ આવો તમારો પ્રેમ હમણાજ પરમકૃપાળુ ભક્તવત્સલ શ્યામ સુંદીર કમળ નેત્ર ધનુર્ધારી શ્રીરામચંદ્રજીમાં લગાડયો હોત તો કેટલા ઉત્તમ અને અક્ષય સુખના

ભાગ્યવાન થાત. નાથ ? મ્હારૂં આ શરીર સુંદર અને રૂપવાન છે. પરંતુ વાસ્તવિક રીતે જોતાં, મળ મૂત્ર આદિકથી ભરેલું છે—નાક, કાન, મુખ આદિ અનેક પ્રકારના મળથી ભરેલાં છે અને શરીરમાં પણ હાડ, માંસ, રૂધીર સિવાય બીજું શું છે ? એ કારણથી આવા, તુચ્છ મલીન અને નાશવાન શરીરપરનો પ્રેમ, આપ શ્યામ સુંદીર શ્રી રામચંદ્રજી તરફ અર્પણ કરો તો મને દ્રઢ આશા છે કે આપનું પરમ હિત થશે.

એટલુંજ ઉપદેશમય કથન સાંભળતાં તુલસીદાસજીએ વિચાર કર્યો—નેત્ર ખુલ્લાં કરી શાન્ત થઇ તત્કાળ મજલ દર મજલ ચાલતાં ચાલતાં કાશીજીમાં આવી મણીકર્ણીકાના ઘાટપર મુકામ કરી દીધો. ઘાટ ઉપર પડયા રહ્યા છે અને મુખમાંથી રામ નામ શબ્દની ધુન લાગી રહી છે અને શ્યામ સુંદીર રામચંદ્રજીનાં દર્શન કરવાને માટે કોઇ મહાત્માને ગુરૂ કરવાની ઉત્કૃષ્ટ ઇચ્છા થઇ રહી છે. એટલામાંજ નરહરિસ્વામિ પ્રાતઃકાળનું સ્નાન કરીને પોતાના આશ્રમ તરફ જઈ રહ્યા હતા. એઓ હૃદયદ્રાવક રામ નામની ધુન સાંભળી સમજ્યા કે આ કોઇ આર્ત અથવા પ્રેમી પુરૂષ છે. તરત સ્હામે જઈ સર્વે વૃતાન્ત સમજી લીધો અને તુલસીદાસજીએ અદ્યપાન્ત પોતાનો ભાવ દર્શાવ્યો. પ્રાર્થના કરી જે આ શરીરને શ્રી ભગવાન રામચંદ્રજીનાં દર્શન કરાવો તો આ શરીરને બાહ્યરૂપમાં રાખી શકું છું નહિ તો શ્રી ગંગાર્પણ કરૂં છું આ સાંભળી નરહરિસ્વામીએ વિચાર કર્યો જે જ્યારે ભકતના નેત્રમાં, પ્રેમઅશ્રુ આવી રહે છે ત્યારે પરમ કરૂણામય પરમાત્મા તેને અવશ્ય શુદ્ધિમાં લાવે છે. પરંતુ આ તો અત્યંત આતુર અને સર્વ શરીરને અર્પણ કરવાને ઉદ્યત થઇ રહ્યો

છે; તો શું એને ભગવાન પ્રાપ્તિ નહિ થાય ? એમ વિચારી કહેવા લાગ્યા જે ઉઠ કંઇ ચીન્તા ન કર. આ જન્મ અને આ શરીરમાં હમણાજ ત્હને દર્શન થશે.

તદનતર ગુરૂના ચરણોમાં તેમની સેવા ચાકરી કરતાં કરતાં તુલસીદાસજી ૫—૬ વર્ષમાં તો વેદ શાસ્ત્ર સંપન્ન થયા અને પરમ અનુરાગપર ભક્તિનું સાધન કર્યું. એક દીન નાવમાં બેઠા બેઠા નિત્ય ક્રીયા કરવાના નિમિત્તથી ગંગાની પેલી પાર ગયા. ત્યાં શૌચક્રીયા આદિથી પરવારી અને કેટલીક શૌચક્રીયા જળમાં નાખી દીધી. જળ અપવિત્ર થતાં તેમાંના એક પિશાચની તૃપ્તિ થઇ, ત્યારે પિશાચે બહાર આવીને કહ્યું જે મારી પાસે કંઇક સોનું, હીરા મોતી આદિક ધન માગો, તુલસીદાસજીએ કહ્યું મને ધનની આવશ્યકતા નથી. પણ ત્હારામાં શક્તિ હોય તો, મને શ્યામ સુંદીર ભગવાનનાં દર્શન કરાવ. પિશાચે જવાબ વાળ્યો. એ કામ તો મારાથી થવું ઘણુંજ કઠીણ છે. પરંતુ હું તમને એક ઉપાય બતાવું છું. એ પ્રમાણે તમો કાર્ય કરજો. નિઃસંદેહ આપની ઇચ્છા પૂર્ણ થશે. એ ઉપાય એવો છે જે આજ કાલ ગંગા તટ ઉપર વાલ્મિકી રામાયણની કથા થાય છે, ત્યાં શ્રોતાઓમાં એક એવો માણસ છે કે જેનું શરીર કોઢથી ગળી ગયું છે અને તે પુરૂષ આવીને ત્યાં બેસે છે. કથા સમાપ્ત થયા બાદ તમો તેના ચર્ણોમાં પડી જજો છોડતા નહિ. એ વખતજ તે તમને શ્રી રામચંદ્રજીનાં દર્શન કરાવી દેશે. એવે પ્રકારે તુલસીદાસજી કથા સમાપ્ત થયા બાદ તેની પાછળ પાછળ જવા લાગ્યા. થોડા વખતમાં નગરની બહાર નિકળતાંજ એ કોઢિયા પુરૂષે પૂછ્યું કે ત્હમે મ્હારી સાથે કેમં આવો છો ? ત્હમારે શું જોઇએ. અને મ્હારા જેવા ગરીબ માણુસથી તમને શું મળી શકશે ?

ત્યારે તુલસીદાસજીએ તેના ચરણ પકડી રાખીને કહ્યું જે મહારાજ ? મ્હને શ્રી રામચંદ્રજીનાં દર્શન કરાવો. ત્યારે તે કોઢિયો સમજ્યો જે હવે આ માણસ મારો પીછો છોડશે નહિ. તત્કાળજ કોઢી પુરૂષના રૂપનો ત્યાગ કરીને તેમણે પોતાનું સાક્ષાત્ રૂપ ધારણ કરી દીધું. અને એ સાક્ષાત પવનકુમાર હનુમાનજીજ હતા તેઓએ તુલસીદાસજીનો પરમભકિતભાવ અને દ્રઢ નિશ્ચય જાણી ધીરજ આપી કે તમને શ્રી રામચંદ્રજીનાં દર્શન થશે. જરૂર એમાં કંઈ સદેહ સમજશો નહિ અને જ્યારે ત્હમો મ્હારૂં સ્મરણ કરશો ત્યારે હું તમને તરતજ દર્શન આપીશ કહી હનુમાન અંતર્ધ્યાન થઇ ગયા.

કેટલાક દિવસ પછી તુલસીદાસજી ગંગા તટપર રામાયણનું પુસ્તક પહેલ વહેલું બનાવતા હતા. એજ સમયે ગંગાની પેલી પાર ઘોડા ઉપર સ્વાર થયલી એક શ્યામ સુંદીર મુર્તિને જોઇ, પરંતુ આર્શ્ચર્ય સહિત મનમાં વિચાર કર્યો જે; આ કોઇ રાજકુમાર છે. તરતજ એ મુર્તિ ત્યાંથી અંતરધ્યાન થઇ ગઇ. એ પછી કેટલાક દિવસ બાદ તુલસીદાસજી શોચ કરવા લાગ્યા. કે જુઓ આટલા દિવસ થયા પરંતુ હજુ શ્રી રામચંદ્રજીનાં દર્શન નહિ થયાં ? અને મનમાં આકુળ—આકુળ થઇ પવન કુમાર (હનુમાન) ની સ્તુતિ કરી. સ્મરણ કરતાં તરતજ શ્રી હનુમાનજી પ્રગટ થયા, તુલશીદાસજીએ હાથ જોડી વિનંતિ કરી જે, હે ભગવાન, શું કારણ છે જે હજુ સુધી આપે દર્શન કરાવ્યાં નહિ, શ્રી હનુમંતે કહ્યું, જે અમુક દિવસે ગંગાની પેલેપાર ઘોડા ઉપર સ્વારની જે શ્યામ સુંદીરની મુતિ પ્રગટ થઇ હતી, તે પોતેજ શ્રી રામચંદ્રજી હતા. અને કેમ કહો છો જે મને દર્શન થતાં નથી, ત્યારે તુલશીદાસજીએ કોઇ રાજપુત્રતો મનમાં સંદેહ નિવેદન કરી ઘણાજ કરૂણ સ્વરથી પરમાત્માની પ્રાર્થના કરી

કે, હે શ્યામ સુંદીર, હે પરમકૃપાનિધે હું કેવો અભાગી છું કે આપે પોતે દર્શન દીધાં, પરન્તુ મને આપના દર્શનનો પૂર્ણ લાભ મળ્યો નહિ, મારા રોમ રોમમાં પાપ ભરેલું છે.

પરંતુ હે દિનબંધુ આપે અજામિલ આદિનો ઉદ્ધાર કર્યો અને શરણાંગતનો ત્યાગ કરતા નથી. એમ વેદ શાસ્ત્ર પણ કહે છે. તો હે કૃપાસિંધુ, હું આપના ચરણ શરણમાં આવ્યો છું એ કારણથીજ આપ મને દર્શન આપી મારો ઉદ્ધાર કરો. ત્યારે હનુમાનજીએ તેને હૃદય સાથે લગાડી ને સમજાવી પટાવી કહ્યું જે તમો ધીરજ રાખો ફેર સાક્ષાત્ દર્શન થવાનો કોઇ વખત આવશે ખરો, હમણાંજ તમો ચિત્રકુટ જાઓ, અને ત્યાં પ્રભુની એવા પ્રકારે સેવા કરતા રહો "કે જેવો તમારો પ્રેમ તમારી સ્ત્રી ઉપર હતો" એ પછી થોડા દિવસમાંજ તમને શ્યામ સુંદીર પ્રભુનાં દર્શન થશે, એવા પ્રકારે ચિત્રકોટ ઉર્પર જઇ તુલસીદસજી શ્રીરામચંદ્રપ્રભુની સેવા કરવા લાગ્યા, ને તેમ ઘણા દિવસો વિતી ગયા પરંતુ દર્શન થવાનો પ્રસંગ આવ્યોજ નહિ.

એક દિવસ ચંદન ઘશીરહ્યા હતા, ને અંતઃકરણમાં પ્રભુનાં દર્શન કરવાને આકુળવ્યાકુળ થઇ રહ્યા હતા. નેત્રામાં અશ્રુધારા વહેવા લાગી, જયારે યોગી, સંન્યાસીઓને કાષ્ટની માળા ફેરવવાથીજ પ્રભુના દર્શનનો યોગ પ્રાપ્ત થાય છે તો મ્હારા આંસુ રૂપી દાનોની માળા ફરી રહે છે તો શું ! પ્રભુ મને પોતાના દર્શનનો લાભ નહિ આપે ? એવા અસીમ (અંતઃકરણના) પ્રેમને જાણી ભગવાન શ્યામ શુંદરને મનમાં કરૂણાનો પ્રવાહ વહેવા લાગ્યો, અને આ ભક્ત શિરોમણીનો અંત જોઇને ભગવાને તરતજ આઠ વર્ષના બાળકનું મનોહર રૂપ ધારણ કરી, તુલશીદાસજીના સામા આવી,

બાબાજી ? કહીને નમસ્કાર કર્યા; અને તુલશીદાસજીની પાસે આવી બેસી ગયા. તુલશીદાસ પણ એવા સુંદીર બાળકને જોઇને ઘણાજ પ્રસંન્ન થયા, પરન્તુ ફેર સંદેહગ્રસ્ત થવાના કારણે અને મનને વ્યાકુળતાતાના કારણથી બરાબર ધ્યાન રહ્યું નહિ, ત્યારે શ્રીહનુમાનજીને ચીંતા થઇ, અરે શું ? આવો સારો વખત પણ તુલશીદાસના હાથથી જવાનોજ ! એવા કારણથી પોતે એક પક્ષીનું રૂપ ધારણ કરી, સ્હામે વૃક્ષ ઉપર બેઠા. અહીં બાળ શ્રીં રામચંદ્રજીએ તુલશીદાસજીને પૂછયું—જે—બાબાજી ! હું મારા હાથે તમારા ચંદનનું તિલક કરૂં કે કેમ ? તુલશીદાસજીએ કહ્યું કે ઠીક (તિલક કરો) પ્રભુ સ્યામસુંદીર પોતાના હસ્તથી, પોતાની ન્હાની ભ્રકુટીપર ચંદન લગાડવા લાગ્યા. તે વખતે તુલશીદાસજી ચંદન ઘસતા હતા, ત્યારે પેલા પક્ષીના રૂપમાં બેઠેલા હનુમાનજીએ કહ્યું જેઃ—

[illegible]कुटके घाटपर, भई संतनकी भीर;
तुलसीदास चंदन घसे, तिलक करे रघुविर.

એવું કહેતાં પણ તુલશીદાસજીનું ધ્યાન વૃક્ષ ઉપર બેઠેલા પક્ષી (હનુમંત) ઉપર ગયું નહિ. બીજીવાર પણ આ દોહરો હનમાનજીએ લલકારીને કહ્યો.

તદનંતર શ્રી રામચંદ્રજીએ કહ્યું જે—બાવાજી ! હું આપને દર્પણ બતાવું છું, દર્પણ જોતાંમાંજ તુલશીદાસજીએ ભગવાન શ્રી રામચંદ્રજીની તેજસ્વી આંગળીઓ જોઇ લીધી, એટલામાંજ શુકરૂપ હનમાનજીએ પેલા દોહરાને ત્રીજીવાર બોલવા માંડયો, ત્યારે તો તુલસીદાસજીને જ્ઞાન થયું, અને સુંદીર કમળ નેત્ર ધારી ભગવાન શ્રી રામચંદ્રજીનાં સાક્ષાત્ દર્શનનું દિવ્ય સુખ પ્રાપ્ત થયું.

સાર એવો છે કે શ્રી નરહરિ સ્વામિના ઉપદેશથી ભક્તિરસ કેવો ભણ્યા ? તથા એવા પરમ પ્રેમી ભક્ત બનીને પ્રભુમાં ભળી ગયા, એમાં અધિક કહેવાની આવશ્યકતાજ નથી. પોતાના પ્રેમી ભક્તોને માટે પરમદયાળુ પરમાત્માના અનેક રૂપોમાં અવતારો થાય છે, એ પણ પ્રગટમાન્ય છે. અસ્તુ.



ધૈર્ય અને ત્હેનો મહિમા.

જે વખતે મહારાજ ધર્મરાજ યુધિષ્ટિરના અશ્વમેધ યજ્ઞનો શ્યામ કર્ણ (કાળા કાનવાળો ઘોડો) છોડવામાં આવ્યો હતો, ત્યારે ઘોડો જતાં જતાં તામ્રધ્વજ રાજાના નગર સમીપ જઇ પહોંચ્યો. અને તેને તામ્રધ્વજના પુત્ર મયુરધ્વજે પકડી લીધો. પછીથી અર્જુન અને શ્રીકૃષ્ણ એ ઘોડાની રક્ષા કરવાને સેના સહીત આવી પહોંચ્યા હતા. વળી સમાચાર મળ્યા જે તામ્રધ્વજના રાજ્યમાં આપણો ઘોડો પકડાઇ ગયો છે, અને ઘોડો છોડી દેવા માટે અર્જુને લખી મોકલ્યું, પરંતુ રાજાએ તે વાત માની નહિ, અને પોતાના પુત્ર મયુરધ્વજને ક્ષત્રીય ધર્મ અનુસાર અર્જુનની સાથે યુદ્ધ કરવાને મોકલ્યો, ભયંકર યુદ્ધ થતાં થતાં અર્જુને મયુરધ્વજના રથને પાછળ સો હાથ હટાવી દીધો, તે વખતે શ્રીકૃષ્ણે તેને (મયુરધ્વજને) ધન્યવાદ આપ્યો, વળી ભગવાને કહ્યું જે, અર્જુન! તેનો રથ સાધારણ લાકડાનો બનેલો છે, અને સાધારણ ઘોડા જોડેલા છે. પરંતુ ત્હારો રથ દૈવી છે, તેના ઉપર સર્વે બ્રહ્માંડના ભારરૂપ હું પોતે બેઠેલો છું. તથાપિ એ એટલા ભારને પાછો હઠાવવા પ્રયત્ન કરે છે, શું એ બહુ આશ્ચર્ય અને ધન્યવાદ આપવાની વાત નથી! ત્યારે અર્જુન નિરૂત્તર થઇ પુછવા લાગ્યો, મહારાજ! એ પરાક્રમ એનામાં કયાંથી આવ્યું? તે ઉત્તરમાં શ્રી કૃષ્ણજીએ કહ્યું, જે ભાઇ એના પિતામાં સર્વોત્તમધૃતિ (ધિરજ)નો ગુણ છે, એનુ એ ફળ છે. ત્યારે અર્જુને કહ્યું કેવા પ્રકારે અને તેની

પરિક્ષા કરી બતાવો, એવા કારણથી અર્જુનને નિશ્ચય કરવાને માટે શ્રી કૃષ્ણજીએ એ વખતે સાધારણ સંન્યાસીનું રૂપ ધારણ કર્યું અને અર્જુનને ચેલો બનાવી સાથે એક મોયાનો બનાવેલો સિંહ લઇ લીધો અને મયૂરધ્વજ રાજાના દ્વાર ઉપર આવી પહોંચ્યા, દ્વારપાળે, રાજાને નિવેદન કર્યું કે મહારાજ દ્વાર ઉપર અતિથી આવ્યા છે. ત્યારે રાજા પરમ પ્રસન્ન થયો, અને સાધુઓને મહેલમાં બોલાવી સત્કાર સાથે આસન આપી વિનયપૂર્વક પ્રાર્થના કરી કેઃ—

સાધુજી! આપની શું ઇચ્છા છે. ત્યારે સાધુજીએ કહ્યું જે મ્હારા આ સિંહને મનુષ્યનું માંસ ભક્ષણ કરવાની ઇચ્છા છે, રાજા અતિથી સત્કાર કરવામાં ચતુર હતો અને કહ્યું કે બહુજ સારૂં, ખુનના અપરાધ કરવાવાળા ફાંશીએ ચહડાવવાને માટે કેટલાક કેદીઓ તૈયાર છે. તેમાંના એક કેદીને સિંહને વાસ્તે બોલાવી મગાવું છું. ત્યારે સાધુઓએ કહ્યું જે અમારે એવું અમંગળ અશુભ માંસ ન જોઇએ, અમને તો ત્હારા પુત્ર મયુરધ્વજના અંગનું માંસ જોઇએ ત્હારાથી બની શકે તો તે આપ? રાજાએ સ્વીકાર કરી લીધો અને રાણી વાસમાં જઇ, રાણીની સંમત્તિ લીધી, અને કહેવા લાગી કે મહારાજ? હમણાં જો, સાધુઓની ઇચ્છા એવા પ્રકારે પણ પુરી થાય તો ત્હેની કાંઇ પણ ચીંતા નથી. ફેર પુત્રને બોલાવીને પૂછ્યું. તો તેણે પણ કહ્યું જે—હે તાત! આ શરીર કાઇને કોઇ વખત નષ્ટ તો થવાનુંજ છે, વળી દુઃખમાં લુપ્ત થતાં પણ મરવાની અપેક્ષા જો સંત સાધુના કાર્યોમાં વપરાય તો તે દેહની સાર્થકતા ગણાય હવે મ્હને પણ એ વાત માન્ય છે. અને તૈયાર છું, ત્યાર રાજાએ બારી અને અતિથીઓને કહ્યું જે, આપ ઉઠો? અને સ્નાન આદિથી નિવૃત થઇ માણસનું માંસ લ્યો. ત્યારે સાધુઓએ કહ્યુ જે, રાજસભા

એકઠી થાય ત્યારે પુત્રને લઇને હમારી સન્મુખ આવો. સાધુઓની એવી આજ્ઞા બાદ-મંત્રી. દરબારીઓ અને સર્વ રાજ્ય સભા ભરાઇ પછી સાધુ, રાજા, રાણી અને કુંવર ત્યાં આવ્યાં, કે સાધુઓએ રાજા રાણીને હુકમ કર્યો જે તમો બંન્ને એના શીર ઉપર કરવત રાખી કાપો તેમજ તમારા ત્રણેમાંથી કોઇના પણ નેત્રમાં આંસુ ન આવવાં જોઇએ. અને જો આંસુ આવ્યાં તો અમો એ અપવિત્ર માંસને લેવાના નથી. ઉપરનો નિયમ સ્વીકારી રાજા રાણી તૈયાર થયાં પરન્તુ દરબારીઓને તેનાથી ઘણુંજ ભારી દુઃખ ઉત્પન્ન થયુ, અને રોતાં રોતાં કહેવા લાગ્યા જે, " આજ અમારા રાજવંશીનો નાશ થાય છે " એ પછી સર્વેના મુખમાંથી રામ નામની ધ્વની નીકળવા લાગી, અને અહીં રાજા રાણીએ પુત્રના મસ્તકપર કરવત મૂકી. ચીરવાનો પ્રારંભ કરી દીધો. ચીરતાં ચીરતાં નાક પર્યંત કરવત આવી પહોંચી ત્યારે ડાબા નેત્રમાંથી આંસુ નીકળવા લાગ્યાં, તે જોઇ સાધુજીએ કહ્યું જે રોકો, રોકો, કારણ આ પુત્ર રૂવે છે, હવે હું તે માંસ લેવાનો નથી. ત્યારે તે પુત્ર ઇશ્વરનું ધ્યાન કરતાં કરૂણસ્વરથી કહેવા લાગ્યો, હે દયાસિંધુ-હે દિનવત્સલ, હે ભગવાન, હવે ક્યાં સુધી ટંટો લેશો ? જુઓ મેં સાધુના સત્કારને લીધે પોતાનું શરીર આપ્યું છે. પરન્તુ જો આપ કેવળ જમણું અંગ ઉપયોગમાં લેશો તો ડાબુ અંગ વૃથા જાય, આ કારણથી મારી આંખમાં આંસુ આવ્યાં છે. એ સાંભળી સાધુજીએ કહ્યું ઠીક, અમો બન્ને અંગ ઉપયોગમાં લઇશું. ત્યાર બાદ સર્વે શરીરને ચીરી નાંખી ત્હેના ટુકડે ટુકડા કરી, સિંહની આગળ મૂકી દીધું.

અહીં રસોઇ તૈયાર થઇ એટલે તા. મ્રૂવજ રાજાએ પત્રાતળી પીરસાવી સાધુજીને કહ્યું જે આપ જમવા પધારો. પછી સાધુઓ બોલ્યા કે ત્હમો ત્હમારી રાણી અને પુત્ર ત્રણે અમારી સામે આવી બેસો અને ભોજન કરો, ત્યારે રાજા વિહવળ થઇ કહેવા લાગ્યો મહારાજ ? હું પુત્રને કયાંથી લાવું. સાધુઓએ કહ્યું ગભરાઓ નહિ. ઘરમાં જાઓ અને બોલાવો.

સાધુઓના વચનપર પુર્ણ શ્રદ્ધા હોવાને લીધે રાજાએ મહેલની અંદર જઇ જોયું તો પુત્ર પલંગપર સુતેલો જોયો અને ત્યાંથી તેને ઉભો કરી સાધુઓની પાસે લાવ્યો. દંડવત કર્યા બાદ આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ થઇ અને શ્રી કૃષ્ણ ભગવાને સાક્ષાત દર્શન આપ્યાં. સ્ત્રિ પુત્ર સહીત રાજાને કૃતાર્થ કર્યો. અર્જુને વિચાર્યું અને મૌન્ય મૌન્ય બેઠો રહ્યો. એના મુખથી એક અક્ષર પણ નિકળ્યો નહિ છેવટે શ્રી કૃષ્ણજીએ વરદાન માગવાને કહ્યું ત્યારે રાજાએ કહ્યું જે હે પ્રભુ, હું એટલુંજ વરદાન માગું છું જે કલિયુગમાં ધર્મની એવી પ્રચંડ પરિક્ષા કોઇની પણ ન થાય ધૈર્યનો એવો મહિમા છે.

સમાપ્ત

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.
પાંચકુવા, ચાર રસ્તા—અમદાવાદ.